તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/3/504

વિષય:

મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી પાસેથી થતી લેવાની રકમ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 03/09/2023 | તારીખ 08/09/2023 | 04/09/2023 |

*15/3/504 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૮/૦૯/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૦૨૪૯ (અગ્રતા-૯૬)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષ:૨૦૧૪થી પરત લેવાની થાય છે તે અન્વયે તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ પરત મેળવવામાં આવી,

(૨) ઉકત રકમ પર કેટલા ટકા લેખે વ્યાજ વસુલવાનું છે,

(૩) ઉકત સ્થિતિએ ખોટી રીતે ચુકવાયેલ તે અને વ્યાજ સહિત કુલ કેટલી રકમ ઉકત એજન્સી પાસેથી વસુલવાની બાકી છે, અને

(૪) ઉકત બાકી રકમ વસુલવા ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ?

----